For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in











(તસવીર : ગીરીશ ભોયે)




# ડાંગમાં વાવાઝોડું, વાલોડમાં કરા પડ્યા

**વાલોડ**, ઉચ્છલ સહિત વ્યારાના ટિચકપુરા, રૂપવાડા, કેળકુઈ સહિતના ગ્રામ્ય વિસ્તારોમાં માવઠું, ખેડૂતો ચિંતિત

**ધરમપુર**, ચીખલી, ફડવેલ, ખરોલી, સારવણી સહિતના વિસ્તારમાં વરસાદ, કેરીના પાકને વ્યાપક અસર

**અનેક** ઠેકાણે લગ્ન પ્રસંગના મંડપને નુકસાન પહોંચ્યું

વ્યારા, અનાવલ, સાપુતારા, ધરમપુર, ઘેજ, વાલોડઃ રાજ્યમાં છેલ્લાં બે દિવસથી અનેક વિસ્તારોમાં વાતાવરણમાં અચાનક પલટો આવતાં ભારે પવન અને કમોસમી વરસાદ પડતાં ખેડૂતો ચિંતિત બન્યા છે.

તાપી જિલ્લામાં સતત બીજા દિવસે વાતાવરણમાં એકાએક પલટો આવ્યો હતો અને વાલોડ, ઉચ્છલ સહિત વ્યારા તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં પવન સાથે કમોસમી વરસાદ તૂટી પડ્યો હતો. અનેક જગ્યાએ ઘટાદાર વૃક્ષો ભારે પવનના કારણે ધરાશાયી થયાં હતાં. વાલોડમાં સરકારી અનાજના ગોડાઉનનાં પતરાં ઊડી નજીકમાં આવેલાં ઘરો પર પડ્યાં હતાં. જેમાં બે મકાનનાં ઉપરનાં પતરાં પણ તૂટી ગયાં છે. તેમજ ગોડાઉનમાં રાખવામાં આવેલ અંદાજે ઉપર મૂકવામાં આવેલી ચોખાની બેગ પલળી ગયેલાનું ધ્યાને આવ્યું છે. ઉપરાંત વાલોડ સીએનજી ગેસ સ્ટેશન ઉપર ઝાડ પડતાં એક ફોર વ્હીલર ગાડી અને એક ટેમ્પો દબાઈ ગયાં હતાં. જ્યારે નહેર કોલોની સામે આવેલ નાસ્તાની દુકાન ઉપર ઝાડ તૂટી પડતાં દુકાનને નુકસાન થયું હતું અને એક બાઈક દબાઈ ગઈ હતી. વાલોડ પંથકમાં કમોસમી વરસાદનો કહેર જોવા મળ્યો છે. ભારે પવન સાથે બરફના કરા પડતાં ખેડૂતોમાં ભારે ચિંતા જોવા મળી રહી છે. એક તરફ ડાંગરનો તૈયાર પાક જમીનદોસ્ત થતાં ખેડૂતોએ રોવાનો વારો આવ્યો છે.

### ચીખલી અને વાલોડ પંથકમાં લગ્નમંડપ તૂટ્યા

ચીખલી તાલુકાના ફડવેલ, ખરોલી સહિતના કેટલાક વિસ્તારમાં અસહ્ય ઉકળાટ વચ્ચે પાંચેક વાગ્યાના અરસામાં ગાજવીજ સાથે કમોસમી વરસાદ તૂટી પડતા લગ્ન પ્રસંગોના રંગમાં ભંગ પડ્યો હતો. ફડવેલ ઉપરાંત કણભઈ, સિયાદા, સારવણી, ખરોલી સહિતના કેટલાક વિસ્તારોમાં પવન ફુંકાવાની શરૂઆત થયા બાદ ગાજવીજ સાથે વરસાદ શરૂ થઈ ગયો હતો અને સતત વીસેક મિનિટના વરસાદથી રસ્તા પરથી પાણી વહેતા થઈ ગયા હતા. ગતરોજ સાંજે 4:45 થી 6 વાગ્યાના સમયગાળા દરમિયાન વાલોડ સહિત વ્યારાના ગ્રામ્ય વિસ્તારમાં વાવાઝોડા, વીજળીના કડાકાભડાકા સાથે કમોસમી વરસાદ તૂટી પડ્યો હતો. ત્યારે હાલ જિલ્લામાં લગ્નની સિઝન ચાલી રહી હોવાથી લગ્નમંડપ પણ ઊડ્યા હતા.

### બારડોલીના બમરોલીગામમાં તબેલાનાં પતરાં ઊડ્યાં, પશુ દબાયાં

બારડોલીના બમરોલી ગામે વાવાઝોડાએ ભારે વિનાશ વેર્યો છે. કુદરતી આફતને કારણે ભાવિરાજસિંહ બારસડિયાનો ભેંસોનો તબેલો સંપૂર્ણપણે ધ્વસ્ત થઈ ગયો હતો. આ દુર્ઘટનામાં તબેલાનાં પતરાં અને કાટમાળ નીચે અનેક પશુઓ દબાઈ જતાં ભારે અફરાતફરી મચી હતી. પશુપાલકને આ આકસ્મિક હોનારતને પરિણામે મોટું આર્થિક નુકસાન વેઠવાનો વારો આવ્યો છે.

અંબિકાના અનાવલ પંથકમાં ગુરુવારે અચાનક વાતાવરણમાં પલટો આવતા કમોસમી વરસાદ વરસ્યો હતો. આ સ્થિતિમાં હાલ કેરી તોડવાનો અને વેચાણનો સમય ચાલી રહ્યો હોવાથી વરસાદને કારણે પાકની ગુણવત્તા પર અસર થવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે. કેટલાક વિસ્તારોમાં પવન સાથે વરસાદ પડતાં કાચી કેરી નીચે પડવાની અને ઝાડોની ડાળીઓ તૂટવાની ઘટનાઓ પણ સામે આવી હતી.

ડાંગ જિલ્લામાં મીની વાવાઝોડા અને ગાજવીજ સાથે કમોસમી વરસાદ વરસ્યો હતો. ડાંગના સાપુતારા સહિત બોરખલ, શામગહાન, ગલકુંડ, ડોન, ચીંચલી, ગડદ અને આહવા સહિતના સરહદી ગામોમાં વરસાદ સાથે જોરદાર પવન ફુંકાતા માર્ગો પર પાણીની રેલમછેલ જોવા મળી હતી. ખાસ કરીને ખેડૂતોનાં આંબા, ફળફળાદી તેમજ શાકભાજીના પાકોને ભારે નુકસાન પહોંચ્યાની માહિતી મળી રહી છે.

ધરમપુર તાલુકાના ઓઝોરપાડા, કેળવણી, ઉકતા, પાનવા, ધામણી, ટીટુખડક અને ચીચોઝર સહિતના ગામોમાં વરસાદ પડતા ખાસ કરીને કેરી અને શાકભાજીના પાક પર સૌથી વધુ અસર જોવા મળી હતી.

કાયદો ઘૂંટણિયે, દલાલો બેફામ!

# લાજપોર જેલ કે લક્ઝરી રિસોર્ટ ? વિડીયો વાયરલ

**G-Payથી** લાખોની લેવડદેવડ, નશીલા પદાર્થોની 'હોમ ડિલિવરી'થી જેલ તંત્ર સામે ગંભીર સવાલો

સુરતઃ રાજ્યની સૌથી સુરક્ષિત અને આધુનિક ગણાતી સુરતની લાજપોર સેન્ટ્રલ જેલ હવે સુરક્ષા અને સુધારણાના કેન્દ્ર તરીકે નહીં, પરંતુ ભ્રષ્ટાચાર, ગેરકાયદે સોદા અને સગવડોના 'બજાર' તરીકે ચર્ચામાં આવી રહી છે. જેલના સળિયા પાછળ જ્યાં કેદીઓને કાયદાનો પાઠ ભણાવવો જોઈએ, ત્યાં આજે રૂપિયાની તાકાતે રાજાશાહી સુવિધાઓ પીરસાતી હોવાના ચોંકાવનારા આક્ષેપો કરતો એક વિડીયો વાયરલ થયો છે.

વાયરલ વિડીયોમાં લાજપોર જેલની અંદર ભ્રષ્ટ કર્મચારીઓ, દલાલો અને કેટલાક પ્રભાવશાળી કેદીઓનું એવું ગઠબંધન સક્રિય છે, જેણે આખી જેલને કમાણીનું 'હબ' બનાવી દીધી છે. સામાન્ય કેદીઓ માટે કડક નિયમો અને તંગ હાલત હોય છે, જ્યારે પૈસાદાર અને 'વહીવટદાર' કેદીઓ માટે જેલ જાણે લક્ઝરી રિસોર્ટ બની ગઈ હોય તેવું દ્રશ્ય સર્જાયું છે. આ વિડીયો મુજબ જેલની અંદર કેદીઓ માટે અલગથી 'સ્પેશિયલ મેનૂ'

...અનુસંધાન પાના 13 પર

### જેલમાં જ નશીલા પદાર્થોની 'હોમ ડિલિવરી': ભાવ 100 થી 1000

જેલની અંદર દારૂ, બીડી, સિગારેટ, તમાકુ અને ચરસ-ગાંજા જેવા પ્રતિબંધિત નશીલા પદાર્થોની સરળતાથી સપ્લાય થતી હોવાના આક્ષેપો સામે આવ્યા છે. જેલની અંદર સક્રિય દલાલો 10 રૂપિયાની વસ્તુ માટે 100થી 1000 રૂપિયા સુધી વસૂલી રહ્યા છે. કેદીઓની લત અને મજબૂરીનો લાભ લઈ લાખો રૂપિયાનો ગેરકાયદેસર કારોબાર ચાલી રહ્યો છે.

### ઉચ્ચ અધિકારીઓની જાણ બહાર આ બધું શક્ય?

આ સમગ્ર મામલે સૌથી મોટો સવાલ એ ઊભો થઈ રહ્યો છે કે, શું જેલના ઉચ્ચ અધિકારીઓની જાણ બહાર આટલા મોટા પાયે ગેરરીતિઓ શક્ય છે? જેલમાં સુરક્ષાના દાવા વચ્ચે જો નશીલા પદાર્થો, મોબાઈલ ફોન, ઓનલાઈન ટ્રાન્ઝેક્શન અને વી.આઈ.પી. સુવિધાઓનો ખુલ્લેઆમ વેપાર ચાલતો હોય, તો તે જેલ તંત્રની કામગીરી સામે ગંભીર શંકા ઊભી કરે છે.

### લાજપોર જેલ ગુનાખોરીનું 'ટ્રેનિંગ સેન્ટર' બની જશે

હવે જો રાજ્ય સરકાર અને જેલ વિભાગ દ્વારા આ મામલે તાત્કાલિક અને નિષ્પક્ષ તપાસ નહીં થાય, તો લાજપોર જેલ ગુનેગારો માટે સજાનું સ્થળ નહીં, પરંતુ ગુનાખોરીનું 'ટ્રેનિંગ સેન્ટર' બની જશે તેવી ભીતિ સેવાઈ રહી છે. આ સમગ્ર મામલે જેલના એસપી સાથે ફોન કરી સંપર્ક કરવા પ્રયાસ કરાયો પરંતુ તેમને ફોન ઉપાડ્યો નહોતો.

# સુરતમાં ગરમીનો પારો ચઢ્યો મહત્તમ તાપમાન 39.5 ડિગ્રી નજીક

**બે** દિવસમાં તાપમાનમાં ઝડપથી વધારો

**ઉકળાટ** અને કાળઝાળ ગરમીથી જનજીવન પ્રભાવિત

સુરતઃ સુરત શહેરમાં આજે ગરમીનો પ્રકોપ વધુ તેજ બન્યો હતો. મહત્તમ તાપમાનમાં 3.2 ડિગ્રીનો નોંધપાત્ર વધારો થતાં પારો 39.5 ડિગ્રી સુધી પહોંચી ગયો હતો. તાપમાનમાં થયેલા આ અસામાન્ય વધારાને કારણે શહેરમાં કાળઝાળ ગરમી અને ભારે ઉકળાટનો માહોલ સર્જાયો હતો. બપોરના સમયે રસ્તાઓ પર લોકોની અવરજવર ઘટી ગઈ હતી અને ગરમીથી જનજીવન અસરગ્રસ્ત બન્યું હતું.

હવામાન વિભાગના આંકડા મુજબ લઘુત્તમ તાપમાન અડધો ડિગ્રી ઘટીને 26.9 ડિગ્રી નોંધાયું હતું. હવામાં 42 ટકા ભેજ નોંધાતા ગરમીનો અનુભવ વધુ અસહ્ય બન્યો હતો. શહેરમાં પશ્ચિમ-દક્ષિણ-પશ્ચિમ દિશાથી પ્રતિ કલાક 6 કિમીની ઝડપે પવન ફૂંકાયો હતો, છતાં લોકોને ગરમીમાંથી ખાસ રાહત મળી નહોતી. ગયા અઠવાડિયાથી શહેરમાં તાપમાનમાં ઘટાડો અને ભારે પવનોને કારણે લોકોને ગરમીમાંથી થોડો રાહતનો અનુભવ થયો હતો. જોકે છેલ્લા બે દિવસથી ફરી તાપમાનમાં વધારો નોંધાઈ રહ્યો છે. ખાસ કરીને આજે તાપમાન 40 ડિગ્રીની નજીક પહોંચતા લોકોને ગરમીનો તીવ્ર અહેસાસ થયો હતો. બપોર દરમિયાન શહેરના મુખ્ય

...અનુસંધાન પાના 13 પર

# ડુમસનો દરિયો પાછળ જવાની ઘટના કોઇ જ ચમત્કાર નથી

**ઉકાઈ** ડેમ અને સુરતના વિયર-કમ-કોઝવેના નિર્માણને કારણે નદીના કુદરતી પ્રવાહનો વેગ ઘટ્યો છેઃ રિપોર્ટ

**નદીનો** પ્રવાહ ધીમો પડે, ત્યારે તે કાંપને દરિયામાં ઊંડે સુધી ધકેલી શકતી નથી, જેથી જમીનનું સ્તર ઊંચે આવે છે

**2016ના** રિપોર્ટમાં જ આવ્યું હતું કે તે એક લાંબી વૈજ્ઞાનિક અને ભૂસ્તરશાસ્ત્રીય પ્રક્રિયા છેઃ ડો.પંકજ ગાંધી

સુરતઃ સોશિયલ મીડિયામાં ડુમસના દરિયા કિનારાનું પાણી દોઢથી બે કિમી. દૂર જવાની વાત સાથે વીડિયોના ધોડાપુર આવ્યા છે. ડુમસ અને હજીરાના દરિયાકાંઠે પાણી પાછળ જવાની ઘટના એ કોઈ આકસ્મિક ચમત્કાર નથી, એ ત્વરિત બનેલી ઘટના નથી પણ સમયાંતરે ઊભી થયેલી સ્થિતિ છે.

આ ઘટના અંગે વર્ષ 2016 માં સંશોધન કરનાર SVNIT ના રિસર્ચ ફેલો, અર્બન પ્લાનર અને ઇકોલોજિસ્ટ (CEPT, અમદાવાદ) ડો.પંકજ ગાંધી કહે છે કે, 'દરિયાકાંઠે પાણી પાછળ જવાની ઘટના એ કોઈ આકસ્મિક ચમત્કાર નથી, પરંતુ એક લાંબી વૈજ્ઞાનિક અને ભૂસ્તરશાસ્ત્રીય પ્રક્રિયા છે. તેનું સૌથી મોટું કારણ તાપી નદી દ્વારા લાવવામાં આવતો કાંપ છે, જેને વિજ્ઞાનની ભાષામાં 'Siltation' કહેવામાં આવે છે. તાપી નદી જ્યારે દરિયાને મળે છે, ત્યારે તે પોતાની સાથે લાવેલી માટી અને રેતીના કણો મુખ પ્રદેશમાં જમા

...અનુસંધાન પાના 13 પર

### કોઈ સુનામીનો સંકેત નથી લોકો ખોટી અફવાઓથી દૂર રહે

ડો .પંકજ ગાંધી કહે છે કે,"ડુમસના દરિયાનું ૧ થી ૧.૫ કિમી પાછળ ખસવું એ સુનામી (Tsunami) નો સંકેત નથી.લોકો ખોટી અફવાઓથી દૂર રહે, સામાન્ય રીતે સુનામી આવતા પહેલા દરિયાનું પાણી અચાનક અને ખૂબ જ ઝડપથી (થોડી મિનિટોમાં) પાછળ જાય છે, જ્યારે ડુમસમાં આ ફેરફાર છેલ્લા ઘણા વર્ષોથી ધીમે-ધીમે થઈ રહ્યો છે. મારા સંશોધનના આધારે આ બાબતને સમજવા માટે નીચેના મુદ્દાઓ ધ્યાનમાં લેવા જેવા છે. શા માટે આ સુનામી નથી? એનું કારણ આપતા તેઓ કહે છે કે,"સમયગાળો (Duration) સુનામીમાં પાણી માત્ર 10 થી 15 મિનિટ માટે પાછળ જાય છે અને પછી તેટલી જ ઝડપે વિનાશક મોજાં સાથે પાછું આવે છે. ડુમસમાં પાણી વર્ષોથી પાછળ જઈ રહ્યું છે અને ત્યાં કાયમી ધોરણે નવી જમીન (Land Reclamation/Siltation) બની રહી છે.

## સંશોધનનાં વૈજ્ઞાનિક તારણો

### નદીની ઇકોલોજી (Riverine Ecology) પર અસર

ખાલી પડેલી જગ્યાઓ પર હવે 'ગાંડા બાવળ' (Prosopis juliflora) જેવી આક્રમક વનસ્પતિએ કબજો જમાવી દીધો છે. આ વનસ્પતિ સ્થાનિક જૈવવિવિધતાને દબાવી દે છે અને નદીના મુખ પ્રદેશની કુદરતી સંતુલિત અવસ્થાને બગાડીને તેને એક બિનઉપયોગી જંગલી પ્રદેશમાં ફેરવી રહી છે.

### જળચર સૃષ્ટિ (Aquatic Life) પર અસર

છીછરા પાણીમાં ઓક્સિજનનું સ્તર (Dissolved Oxygen) ઘટવાને કારણે માછલીઓનો મૃત્યુદર વધે છે. વધુમાં, નદીના તળિયે જમા થતી માટી નીચે રહેતા નાના જીવો (Benthic organisms), જે માછલીઓનો મુખ્ય ખોરાક છે, તે દબાઈ જવાથી આખી જળચર ખાદ્ય શૃંખલા (Food Chain) ખોરવાઈ ગઈ છે.

### મત્સ્યઉદ્યોગ (Fisheries) પર અસર

ભૌગોલિક ફેરફારોની સૌથી માઠી અસર સ્થાનિક મત્સ્યઉદ્યોગ અને માછીમારોની આજીવિકા પર પડી છે. તાપી નદીમાં જોવા મળતી વિશિષ્ટ 'હિલસા' જેવી માછલીઓ, જે પ્રજનન માટે મીઠા પાણી તરફ સ્થળાંતર કરે છે, તેમને પાણીના ઓછા પ્રવાહ અને ભૌતિક અવરોધોને કારણે મુશ્કેલી નડે છે, જેનાથી તેમની સંખ્યામાં ધરખમ ઘટાડો થયો છે.

# SSCમાં અમદાવાદ-વડોદરા કરતાં સુરતમાં એ-1 ગ્રેડ વિદ્યાર્થીઓ વધુ

**અમદાવાદ** શહેર અને ગ્રામ્ય મળી એ વન ગ્રેડના વિદ્યાર્થીઓ 3535 અને વડોદરાના 1582 છે, જ્યારે સુરતમાં 6475 વિદ્યાર્થી છે

સુરતઃ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા જાહેર કરાયેલા એસએસસી પરિણામમાં સુરત શહેરે ફરી એકવાર શૈક્ષણિક ક્ષેત્રે પોતાનો દબદબો સાબિત કર્યો છે. ખાસ કરીને એ-1 ગ્રેડ મેળવનારા વિદ્યાર્થીઓની સંખ્યામાં સુરત શહેર અમદાવાદ શહેર, અમદાવાદ ગ્રામ્ય અને વડોદરા શહેર કરતાં આગળ રહ્યું છે. અમદાવાદ શહેર અને અમદાવાદ ગ્રામ્ય તેમજ વડોદરાના પણ એ-વન ગ્રેડ ભેગા કરી દેવામાં આવે તો પણ સુરતના એ વન ગ્રેડના વિદ્યાર્થીઓની સંખ્યા વધારે છે.

ગઈકાલે જ્યારે એસએસસીના પરિણામો જાહેર થયાં ત્યારે જે

...અનુસંધાન પાના 13 પર

### સુરતમાં સૌથી વધુ એ વન ગ્રેડના 562 વિદ્યાર્થીઓ આશાદીપ ગ્રુપ ઓફ સ્કૂલના છે

જ્યારે પી.પી. સવાણી ગ્રુપની સુરતની સ્કૂલોના વિદ્યાર્થીઓની એ વન ગ્રેડમાં સંખ્યા 240 છે

સુરતની જાણીતી આશાદીપ ગૃપ ઓફ સ્કૂલે સમગ્ર શહેરમાં સૌથી વધુ 562 એ-1 ગ્રેડ મેળવી અનોખી સિદ્ધિ હાંસલ કરી છે. માત્ર વરાછા સહિત સૌરાષ્ટ્રવાસી વિસ્તારોમાં જ નહીં, પરંતુ સમગ્ર સુરત શહેરમાં આશાદીપ ગૃપ ઓફ સ્કૂલએ પોતાના પરિણામોથી ડંકો વગાડ્યો છે. વિદ્યાર્થીઓની સતત મહેનત, શિક્ષકોનું માર્ગદર્શન અને સંસ્થાની શૈક્ષણિક પદ્ધતિએ આ સફળતામાં મહત્વની ભૂમિકા ભજવી હોવાનું માનવામાં આવે છે. બીજી તરફ, પી.પી.સવાણી ગૃપ ઓફ સ્કૂલની સુરત સ્થિત શાળાઓમાં કુલ 240 વિદ્યાર્થીઓએ એ-1 ગ્રેડ મેળવ્યો છે. આ સિવાય સૌરાષ્ટ્રવાસી વિસ્તારમાં આવેલી જે.બી.એન્ડ કાર્પ વિદ્યા સંકુલમાં

...અનુસંધાન પાના 13 પર

#### શહેરમાં સૌથી વધારે એ-1 ગ્રેડ ધરાવતી સૌરાષ્ટ્રવાસી વિસ્તારની સ્કૂલો

| સ્કૂલનું નામ | A-1 ગ્રેડ |
| --- | --- |
| આશાદીપ ગૃપ ઓફ સ્કૂલ્સ | 562 |
| જે.બી.એન્ડ કાર્પ વિદ્યા સંકુલ | 314 |
| પી. પી. સવાણી ગ્રુપ ઓફ સ્કૂલ્સ | 240 |
| ગજેરા ગ્રુપ ઓફ સ્કૂલ્સ | 238 |
| મૌની ગ્રુપ ઓફ સ્કૂલ્સ | 129 |

# 25 ટકા નફાની લાલચમાં સિટીલાઈટનો વેપારી ફસાયો

**રોકાણના** નામે કરોડો પડાવ્યા બાદ 41 ચેક પધરાવી હાથ ઊંચા કરી દીધા

**'બાય** ઇન્ડિયા'ના નામે 4.76 કરોડનું ફૂલેકું ફેરવી ઠગ પિતા-પુત્ર વેપારીને બાય બાય કરી ગયા

સુરતઃ સિટીલાઈટ જેવા પોશ વિસ્તારમાં રહેતા એક પ્રતિષ્ઠિત વેપારી અને તેમના પરિવારને 'બાય ઈન્ડિયા' કંપનીમાં રોકાણ કરી વાર્ષિક 25 ટકા નફો મેળવવાની લાલચ આપી દારૂકા પિતા-પુત્રની જોડીએ રૂપિયા 4.76 કરોડનો ચૂનો ચોપડ્યો હોવાનો સનસનાટીભર્યો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. આરોપીઓએ વિશ્વાસ જીતવા માટે 41 જેટલા ચેકો આપ્યા હતા, પરંતુ નાણાં પરત કરવાની વાત આવી ત્યારે ઠેંગો બતાવી દેતા મામલો પોલીસ મથકે પહોંચ્યો છે.

સિટીલાઈટ અણુવ્રત દ્વાર પાસે સૂર્યદર્શન એપાર્ટમેન્ટમાં રહેતા 56 વર્ષીય સંજય મહાવીરપ્રસાદ મુરારકા વેપાર સાથે સંકળાયેલા છે. તેમની મુલાકાત બાય ઈન્ડિયા કંપનીના સંચાલક પરવીન પશુપતિ દારૂકા અને તેના પુત્ર હર્ષ પરવીન દારૂકા (રહે. દારૂકા ભવન) સાથે થઈ હતી. આ પિતા-પુત્રએ સંજયભાઈને વિશ્વાસમાં લીધા હતા કે જો તેઓ તેમની કંપનીમાં રોકાણ કરશે તો તેમને વાર્ષિક 25 ટકા જેવો માતબર નફો આપવામાં આવશે. વેપારી સંજયભાઈ આ માયાજાળમાં ફસાઈ ગયા હતા.વર્ષ 2018 થી 2021 દરમિયાન સંજયભાઈ અને તેમના પરિવારના સભ્યોએ અલગ-અલગ બેંક ખાતાઓ દ્વારા અંદાજે 1 કરોડ રૂપિયાનું રોકાણ કર્યું હતું. એટલું જ નહીં, આરોપીઓના પ્રલોભનમાં આવીને અવારનવાર 80 લાખ રૂપિયાની રોકડ રકમ પણ ચૂકવી હતી. નફો અને મુદલ મળીને કુલ રકમ રૂપિયા 4,76,53,000

...અનુસંધાન પાના 13 પર





અવસાન, બેસણું, શ્રધ્ધાંજલી, શોકસભા, રસમ પઘડી, ઈન્તેકાલ, પ્રાર્થનાસભા

ફીક્સ્ડ સાઈઝ ૫×૨ અથવા ૧૦×૧

| છેલ્લા પાને | અંદરના પાને | છેલ્લા પાને કલર |
| --- | --- | --- |
| ₹૧૮૦૦/- | ₹૧૫૦૦/- | ₹૨૫૦૦/- |

| ફીક્સ્ડ સાઈઝ ૧૦×૨ | છેલ્લા પાને | અંદરના પાને | છેલ્લા પાને કલર |
| --- | --- | --- | --- |
| | ₹ ૪૫૦૦/- | ₹ ૩૦૦૦/- | ₹ ૫૨૦૦/- |

(+GST EXTRA)
ગુજરાતમિત્ર
જાહેરાત માટે મળો :
ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત.
ફોન : ૨૫૯૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૯૦




